1165/9

રાજ્યની ચાર અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા
મહાનગર પાલિકા વિસ્તારોની ટ્રાફિકની સમસ્યાનુ
નિરાકરણ લાવવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક- **વસફ/૧૦૨૦૨૨/૧૧૦૨૧/ડ**

**સચિવાલય,ગાંધીનગર**
**તા.૨૫/૦૯/૨૦૨૪**

**પરિપત્ર :-**

નામ.હાઈકોર્ટ મેટર PIL-170/2017- મુસ્તાક હુસેન કાદરી વિ. ગુજરાત સરકાર અને MCA 979/2019 મૂસ્તાક હુસેન કાદરી વિરુદ્ધ જે.એન.સીંઘમાં તા: ૨૯/૦૮/૨૦૨૪ ના રોજ આપેલા ચૂકાદા અન્વયે વધતી જતી શહેરી વસ્તી અને વધતા જતા વાહનોના લીધે ઉપસ્થિત થતા ટ્રાફીકના પ્રશ્નોના નિરાકરણ માટે મુખ્યત્વે 5-E, Engineering, Enforcement, Encouragement, Education, Evaluation અગત્યના છે. જેના માટે કોર્પોરેશન વિસ્તારોમાં પોલીસ અને કોર્પોરેશનના અધિકારીઓનો સુચારુ સમન્વય અને સંકલન મજબુત હોવો જરૂરી છે. જેની પૂરતી તકેદારી રાખવા સારૂ નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવાની રહે છે.

૧) ચાર મુખ્ય મ્યુનિસિપલ કોર્પોરેશન એરીયામાં અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરામાં ટ્રાફીકનું નિરાકરણના 5-E મુજબ આવે અને ટ્રાફીકના પ્રશ્નોનો રિવ્યુ, તેના લોંગ ટમ અને શોર્ટ ટર્મ સોલ્યુશન્સ સાથે થાય તે હેતુથી ઉક્ત ચાર મહાનગરપાલિકાઓના મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ અને પોલીસ કમિશનરશ્રીઓની સંયુક્ત અધ્યક્ષતામાં તેમના કોર્પોરેશન એરીયાના ટ્રાફીકના પ્રશ્નોના નિરાકરણ માટે માસિક રિવ્યુ મીટીંગ કરવાની રહેશે અને તેમના વિસ્તારોમાં કોર્પોરેશનના અધિકારીઓ અને પોલીસના અધિકારીઓ દ્વારા જરૂર જણાયે સીટી એન્જીનીયરના પરામર્શમાં આવા પ્રશ્નોનું નિરાકરણ આવે તે હેતુથી રોજીંદી ટ્રાફીકની સમસ્યા, જોખમી અકસ્માતો અને રખડતા ઢોરો જેવા પ્રશ્નોનું નિરાકરણ લાવવા વ્યુહ રચના ઘડવાની અને તેની સમિક્ષા કરવાની રહેશે. અને તેનો રિપોર્ટ અ.મુ.સ.શ્રી (ગૃહ) અને અગ્ર સચિવશ્રી (શહેરી વિકાસ) ને મોકલી આપવાનો રહેશે.

૨) નાયબ પોલીસ કમિશનર ટ્રાફીક અને નાયબ મ્યુનિસિપલ કમિશનરની સંયુક્ત અધક્ષતામાં તેમના વિસ્તારોમાં ટ્રાફીકની સમસ્યાઓના નિવારણ માટે દર પંદર દિવસે મીટીંગનું આયોજન કરીને કરેલ કાર્યવાહીનો અહેવાલ મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનરશ્રીની મીટીંગમાં રજૂ કરવાનો રહેશે.

3) અ.મુ.સ.શ્રી (ગૃહ) અને અગ્ર સચિવશ્રી (શહેરી વિકાસ) ના સંયુક્ત અધ્યક્ષ સ્થાને દર બે માસે ઉક્ત ચાર મહાનગરપાલિકા વિસ્તારોમાં ટ્રાફીકના પ્રશ્નોના નિરાકરણ માટે કરવામાં આવેલ કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.કે.દાસ)
અધિક મુખ્ય સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. રા.ક.મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) માન. મુખ્યસચિવશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૫) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.

(૬) અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સચિવશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) ચીફ એક્ઝિક્યુટીવ ઓફીસરશ્રી, ગુજરાત શહેરી વિકાસ મિશન, કર્મયોગી ભવન, ગાંધીનગર.

(૯) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ/સુરત/વડોદરા/રાજકોટ.

(૧૦) ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ/સુરત/વડોદરા/રાજકોટ.

(૧૧) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ/સુરત/વડોદરા/રાજકોટ.

(૧૨) નાયબ પોલીસ કમિશનરશ્રી(ટ્રાફીક), અમદાવાદ/સુરત/વડોદરા/રાજકોટ.